ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત

સ્પોર્ટ્સ લાઇન

IPLમાં પંત અને કુલદીપની ફ્રેન્ચાઈઝીમાં પરસ્પર બદલાવ થશે

ઋષભ પંત પોતાની જૂની ફ્રેન્ચાઇઝી દિલ્હી કેપિટલ્સમાં પરત ફરશે, તેના સ્થાને કુલદીપ યાદવ LSGમાં જશે

પંતની દિલ્હી કેપિટલ્સમાં વાપસી થશે પણ કેપ્ટનશિપમાં ફેરફારમાં અક્ષરને સ્થાને રાહુલને સુકાન સોંપાશે

નવી દિલ્હી, તા. 19 : ઇન્ડિયન પ્રીમિયર લીગની આગામી સીઝન હજુ વાર છે, ત્યારે ફ્રેન્ચાઇઝીઓએ પડદા પાછળ પોતાની યોજનાઓ તૈયાર કરવાનું શરૂ કરી દીધું છે અને અહેવાલો અનુસાર લખનઉ સુપર જાયન્ટ્સનો ઋષભ પંત અને દિલ્હી કેપિટલ્સનો કુલદીપ યાદવની ફ્રેન્ચાઇઝીમાં પરસ્પર બદલાવ થશે. અહેવાલો અનુસાર, કુલદીપ આગામી સિઝનમાં લખનૌ સુપર જાયન્ટ્સની જર્સીમાં દેખાશે જ્યારે છેલ્લી બે સીઝનથી લખનૌનું નેતૃત્વ કરતો પંત પોતાની માજી ફ્રેન્ચાઇઝી, દિલ્હી કેપિટલ્સમાં વાપસી માટે તૈયાર છે. આ મોટા સોદા અંગે બંને ફ્રેન્ચાઇઝીઓ વચ્ચે વાટાઘાટો ખૂબ આગળ વધી છે. જ્યારે ટેકનિકલ પાસાઓ હજુ સુધી અંતિમ સ્વરૂપ પામ્યા નથી, ત્યારે પંતનું તેમના ગૃહ રાજ્ય દિલ્હીમાં પરત ફરવું લગભગ નિશ્ચિત માનવામાં આવે છે. આ સંદર્ભમાં જ્યારે લખનૌના માલિક સંજીવ ગોએન્કાનો સંપર્ક કરવામાં આવ્યો હતો, ત્યારે તેમના તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિભાવ આવ્યો નથી. દિલ્હી કેપિટલ્સમાં ઋષભ પંતની વાપસીના અહેવાલોની સાથે જ કેપ્ટનશિપ અંગે પણ ચર્ચાઓ ચાલી રહી છે અને તે અનુસાર અક્ષર પટેલને હટાવીને ટીમનું સુકાન પંતને નહીં પણ કેએલ રાહુલને સોંપવામાં આવી શકે છે.

દિલ્હી કેપિટલ્સનો બેટિંગ કોચ બનશે યુવરાજ સિંહ

દિલ્હી કેપિટલ્સનું મેનેમેજમેન્ટ નવી સિઝનમાં JSW ગ્રુપ સંભાળશે એટલે વેણુગોપાલ, બદાણી અને મુનાફની ત્રિપુટી બદલાશે

નવી દિલ્હી, તા. 19 : ભારતીય ટીમનો માજી સ્ટાર ઓલરાઉન્ડર યુવરાજ સિંહ 2027ની આઈપીએલ સીઝન માટે દિલ્હી કેપિટલ્સના બેટિંગ કોચ તરીકે જોડાવા માટે સંપૂર્ણ તૈયાર છે. આઈપીએલના સૂત્રોએ શુક્રવારે આ માહિતી આપી હતી.

2007ના ટી-20 વર્લ્ડકપ અને 2011ના વનડે વર્લ્ડકપમાં 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' રહી ચૂકેલા યુવરાજે તાજેતરના વર્ષોમાં શુભમન ગિલ અને અભિષેક શર્માના પર્સનલ મેન્ટર તરીકે કામ કર્યું છે. આ સિવાય, જ્યારે ઋષભ પંત ખરાબ ફોર્મમાંથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે તેણે પણ યુવરાજની સલાહ લીધી હતી. દિલ્હી કેપિટલ્સ સાથેની આ જવાબદારી યુવરાજ સિંહની આ હાઈ-પ્રોફાઈલ લીગમાં કોચ તરીકેની પ્રથમ ઈનિંગ હશે. સૂત્રોના જણાવ્યા અનુસાર નવી સિઝનમાં JSW ગ્રુપ મેનેજમેન્ટ સંભાળશે ત્યારે સહ-માલિક GMR દ્વારા નિયુક્ત કરાયેલી વેણુગોપાલ રાવ, હેમાંગ બદાની અને મુનાફ પટેલની ત્રિપુટી બદલાશે. સૌરવ ગાંગુલી 'ડિરેક્ટર ઓફ ક્રિકેટ' તરીકેનો કાર્યભાર સંભાળશે અને યુવરાજ સિંહ બેટિંગ કોચ તરીકે જોડાશે.

બીજી ટી-20માં રેનશોની તોફાની બેટિંગથી ઓસ્ટ્રેલિયાએ બાંગ્લાદેશને હરાવ્યું

ખરાબ શરૂઆત પછી રેનશો-ડેવિડની ભાગીદારીથી ઓસ્ટ્રેલિયાએ પાંચ વિકેટે 196 રનનો મજબૂત સ્કોર બનાવ્યો

બોલરોની સૂઝબૂઝભરી બોલિંગથી ઓસ્ટ્રેલિયાએ બાંગ્લાદેશને સાત રનથી હરાવી 2-0ની અજેય સરસાઇ મેળવી

ચિતગોંગ, તા. 19 : ત્રણ મેચની ટી-20 સીરિઝની આજે શુક્રવારે અહીં રમાયેલી બીજી ટી-20માં મેટ રેનશોની તોફાની ઈનિંગ અને ટીમ ડેવિડ સાથેની તેની ભાગીદારી પછી બોલરોની ઉમદા બોલિંગની મદદથી ઓસ્ટ્રેલિયાએ છેલ્લી ઓવરમાં બાંગ્લાદેશને સાત રનથી હરાવીને સીરિઝમાં 2-0ની અજેય સરસાઇ મેળવી લીધી છે.

ટોસ હારી પહેલા બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયાની શરૂઆત ખરાબ રહી. પાવરપ્લેમાં મહેમાન ટીમે માત્ર 44 રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. તે પછી રેનશો અને ડેવિડે માત્ર 27 બોલમાં 50 રનની ભાગીદારી કરી. ડેવિડ માત્ર 13 બોલમાં 30 રન કરીને આઉટ થયો. રેનશો 52 બોલમાં 89 રન કરીને નોટઆઉટ રહ્યો હતો અને ઓસ્ટ્રેલિયાએ નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 196 રનનો મજબૂત સ્કોર બનાવ્યો.

લક્ષ્યનો પીછો કરવા ઉતરેલા બાંગ્લાદેશે સારી શરૂઆત કરીને પાવરપ્લેમાં એક વિકેટે 72 રન બનાવ્યા હતા અને 16મી ઓવરમાં 150 રન સુધી પહોંચી ગયું હતુ. તે પછી અહીં ઓસ્ટ્રેલિયન બોલરોએ બાજી પલટીને મહત્વની પળોએ વિકેટ ખેરવીને બાંગ્લાદેશી બેટ્સમેનોને મોટા શોટ મારવાથી વંચિત રાખ્યા હતા, જેના કારણે તેઓ 6 વિકેટે 189 રન જ બનાવી શક્યા હતા.

ડૉ. દિનશા પારડીવાલા IOAની એન્ટી-ડોપિંગ મેડિકલ પેનલના વડા બનશે

નવી દિલ્હી, તા 19 : ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન (IOA) ના ચીફ મેડિકલ ઓફિસર (CMO) અને જાણીતા સ્પોર્ટ્સ સર્જન ડૉ. દિનશા પારડીવાલા આ સંસ્થાની એન્ટી-ડોપિંગ મેડિકલ પેનલનું નેતૃત્વ કરશે. આ પેનલ પ્રતિબંધિત પદાર્થોના જોખમો વિશે રમતવીરોને શિક્ષિત કરવા માટે રાષ્ટ્રીય સંગઠનો સાથે મળીને કામ કરશે. અહીં યોજાયેલા 'IOA એથ્લેટ્સ ફોરમ' દરમિયાન સંસ્થાના CEO રઘુરામ અય્યરે જણાવ્યું કે, ડૉ. પારડીવાલા હેઠળ એક ટીમ કામ કરશે જે તમામ રમત સંગઠનો સાથે તાલમેલ મેળવશે અને એથ્લેટ્સ સુધી બિલકુલ સાચી માહિતી પહોંચાડે તેની ખાતરી કરશે.

મહિલા ટી-20 વર્લ્ડકપ : વેસ્ટ ઈન્ડીઝે સ્કોટલેન્ડને હરાવ્યું

સ્કોટલેન્ડે બોલિંગ અને બેટિંગ બંનેમાં વેસ્ટઇન્ડિઝ સામે મુશ્કેલીઓ ઊભી કરી

સ્ટેફની ટેલરની ઇનિંગથી વેસ્ટઇન્ડિઝ 153 રન સુધી પહોંચ્યું, સ્કોટલેન્ડ 146 રને ઓલઆઉટ થયું

લીડ્સ, તા. 19 (એપી) : મહિલા ટી-20 વર્લ્ડકપમાં ગઈકાલે ગુરુવારે અહીં વેસ્ટ ઈન્ડીઝે સ્કોટલેન્ડને સાત રનથી હરાવીને પોતાનું વિજય અભિયાન જાળવી રાખ્યું હતું. વેસ્ટઇન્ડિઝે મૂકેલા 154 રનના લક્ષ્યાંકની સામે સ્કોટલેન્ડ 146 રનમાં ઓલઆઉટ થયું હતું.

સ્ટોટલેન્ડની ટીમે 18 ઓવરમાં પાંચ વિકેટે 132 રન બનાવી લીધા હતા. ત્યારબાદ ફાસ્ટ બોલર આલિયા એલિને 19મી ઓવરમાં ત્રણ વિકેટ લઇને મેચ વેસ્ટ ઈન્ડિઝના પક્ષમાં ફેરવી દીધી. સ્કોટલેન્ડને અંતિમ ઓવરમાં 17 રનની જરૂર હતી પરંતુ અંતિમ બોલ પર 146 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ગ્રુપ 2 માં, ફક્ત વેસ્ટ ઈન્ડિઝ અને ઈંગ્લેન્ડે અત્યાર સુધી તેમની બંને મેચ જીતી છે. ગ્રુપમાંથી ટોચની બે ટીમો સેમિફાઈનલમાં પહોંચશે. સ્કોટલેન્ડે બંને ઈનિંગ્સમાં વેસ્ટ ઈન્ડીઝને મુશ્કેલીમાં મુકી દીધું. પહેલા તો, તેમની શિસ્તબદ્ધ બોલિંગ અને સારી ફિલ્ડિંગે વેસ્ટ ઈન્ડીઝનો સ્કોર 18 ઓવરમાં છ વિકેટે 124 રન બનાવ્યા. જોકે, અનુભવી સ્ટેફની ટેલરે 19 બોલમાં નોટઆઉટ 47 રન ફટકારીને વેસ્ટ ઈન્ડિઝને છ વિકેટે 153 રન સુધી પહોંચાડ્યું હતું. વેસ્ટ ઈન્ડિઝે છેલ્લી બે ઓવરમાં 29 રન ઉમેર્યા, જેમાંથી 26 રન સ્ટેફનીએ બનાવ્યા. લક્ષ્યાંક આંબતા કેથરિન અને કાર્ટરે સ્કોટલેન્ડને ધમાકેદાર શરૂઆત અપાવી. વેસ્ટ ઈન્ડિઝે મધ્યમાં 13 બોલમાં ચાર વિકેટ ઝડપી, જેના કારણે સ્કોટલેન્ડ લથડ્યું હતું.

ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનને ૩૦૦ અબજ ડોલરનું ભંડોળ અપાવવા માટે કેમ તૈયાર થયા?

અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર થયો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાત બાદ તેહરાને પણ તેની પુષ્ટિ કરી છે. ડોનાલ્ડ ટ્રમ્પે આ કરારને એક મોટી સફળતા ગણાવી છે, જે હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલશે. હવે એવા અહેવાલો આવી રહ્યા છે કે આ કરાર માટે ૩૦૦ અબજ ડોલરની કિંમત નક્કી કરવામાં આવી છે. ઈરાની મીડિયાએ તેને યુદ્ધના નુકસાનના વળતર તરીકે રજૂ કર્યો છે. જોકે, અમેરિકન રાષ્ટ્રપતિએ આ વાતનો સ્પષ્ટ ઇનકાર કર્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે એવા અહેવાલોને નકારી કાઢ્યા હતા કે તેમનું વહીવટીતંત્ર યુદ્ધ સમાપ્ત કરવાના કરારના ભાગરૂપે ઈરાન માટે ૩૦૦ અબજ ડોલરના ભંડોળ પર વિચાર કરી રહ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પની આ ટિપ્પણીને કારણે ૩૦૦ અબજ ડોલરનું રહસ્ય ઘેરું બન્યું છે. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સે કહ્યું હતું કે જો ઈરાન કરારની શરતોનું પાલન કરે તો તેને ૩૦૦ અબજ ડોલરના પુનર્નિર્માણ ભંડોળની પહોંચ મળી શકે છે. જોકે, આ ભંડોળ ગલ્ફના દેશો દ્વારા પૂરું પાડવામાં આવશે.

અમેરિકન સમાચાર એજન્સી એક્સિઓસના એક અહેવાલમાં આ દાવો કરવામાં આવ્યો છે કે અમેરિકા અને ઈરાન વચ્ચેના ૩૦૦ અબજ ડોલરના સમાધાન માટે ખાડી દેશો ચૂકવણી કરશે. ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ કહ્યું હતું કે અમેરિકા આ કરારમાં દસ સેન્ટ પણ ફાળો આપશે નહીં. એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે ઈરાનને સમાધાનનો અડધો ભાગ મળી ગયો છે. આ અહેવાલ પછી અમેરિકાએ શા માટે યોજના બનાવવી જોઈએ અને ખાડી દેશોએ ચૂકવણી કરવી જોઈએ તે અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. રોઇટર્સે એક ઈરાની સ્રોતને ટાંકીને દાવો કર્યો છે કે તેહરાને શરૂઆતમાં યુદ્ધનાં વળતર તરીકે ૪૦૦ અબજ ડોલરની માંગણી કરી હતી, પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પે ઇનકાર કર્યો હતો. પરિણામે ઈરાનના પુનર્નિર્માણ માટે ભંડોળ પૂરું પાડવા માટે એક યોજના બનાવવામાં આવી હતી. આ સમગ્ર બોજો કતાર, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત સહિત અન્ય ગલ્ફ દેશો પર નાખવામાં આવ્યો હતો. આનો પુરાવો વ્હાઇટ હાઉસના પ્રવક્તાનું નિવેદન છે, જેમાં તેમણે ઉપપ્રમુખ જેડી વાન્સના ઇન્ટરવ્યુનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે જો ઈરાન કરારનું પાલન કરે તો તેને ગલ્ફના દેશોમાંથી ૩૦૦ અબજ ડોલરનું ભંડોળ મળી શકે છે.

આ સોદા મુજબ ઈરાનને કોઈ રોકડ રકમ ચૂકવવામાં નહીં આવે પણ તેમના દેશમાં ૩૦૦ અબજ ડોલરનું રોકાણ કરવામાં આવશે. ગલ્ફના દેશો ૩૦૦ અબજ ડોલરની લોન આપશે અને તેવી જ રીતે ખાનગી કંપનીઓને પણ ઈરાનમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. જ્યારે અમેરિકા આ રોકાણ કાર્યક્રમનો ભાગ બનશે, ત્યારે એશિયા અને આફ્રિકાની ખાનગી કંપનીઓને પણ આમ કરવા માટે કહેવામાં આવશે. દક્ષિણ કોરિયા, જાપાન, સિંગાપોર અને મલેશિયાની કંપનીઓનાં પણ નામ આપવામાં આવ્યાં છે. સૂત્રોનો દાવો છે કે ઈરાનનાં લોજિસ્ટિક્સ, મેન્યુફેક્ચરિંગ અને ટ્રાન્સપોર્ટેશન ક્ષેત્રોને રોકાણ માટે પસંદ કરવામાં આવ્યાં છે.

આ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે બંને દેશો વચ્ચે એમઓયુ પર ઔપચારિક હસ્તાક્ષર થયા પછી રોકાણ ભંડોળનો ઉપયોગ ક્યાં અને કેવી રીતે કરવામાં આવશે તે નક્કી કરવા માટે ૬૦ દિવસની અંદર એક યોજના વિકસાવવામાં આવશે. જો કે, ઈરાન આ ભંડોળનો ઉપયોગ ફક્ત ત્યારે જ કરી શકશે જો તે સંમત થયેલી બધી શરતોનું પાલન કરે. આ શરતો મુજબ ઈરાને પરમાણુ શસ્ત્રો ન રાખવાની બાંયધારી આપવી, તેના સમૃદ્ધ યુરેનિયમને નિષ્ક્રિય કરવું અને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા જહાજોની અવરજવરને અસર ન કરવી તેવું નક્કી કરવામાં આવ્યું છે. જો ઈરાન તેમાંની એક પણ શરત પાળવામાં નિષ્ફળ જાય તો તેને ૩૦૦ અબજ ડોલરની લોન મળશે નહીં.

યુદ્ધનો અંત લાવવા માટે ગલ્ફના દેશો ઈરાનને વળતર ચૂકવવા કેમ તૈયાર થયા? તે પણ સમજવા જેવું છે. આનું કારણ એ છે કે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધથી આ દેશોને

યુદ્ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

સૌથી વધુ નુકસાન થયું છે. તેમની તેલ સુવિધાઓ અને બંદર કામગીરી લગભગ લકવાગ્રસ્ત છે. ગલ્ફના દેશો ઇચ્છે છે કે આ ક્ષેત્રમાં શાંતિ રહે જેથી ટ્રાફિક ફરી શરૂ થઈ શકે. અમેરિકા અને ઈરાન વચ્ચેના ત્રણ મહિનાથી ચાલી રહેલા સંઘર્ષથી હોર્મુઝ સ્ટ્રેટ સૌથી વધુ પ્રભાવિત થયો છે. વિશ્વનો સૌથી મોટો દરિયાઈ તેલ વેપાર તેના વાટે થાય છે. ઈરાન સાથે સતત સંઘર્ષના કારણે તેલના ભાવ પર અસર થઈ છે. મોટાભાગના ગલ્ફ દેશોની અર્થવ્યવસ્થા તેલ વેપાર પર નિર્ભર છે, તેથી જ તેઓ શક્ય તેટલી ઝડપથી તણાવ ઓછો કરવા માંગે છે. કતારે તો ઈરાનને ૩૦૦ અબજ ડોલરનું ભંડોળ આપવાની શરૂઆત પણ કરી દીધી છે. સાથી ગલ્ફના દેશો પણ આ માટે સંમત થયા છે.

ઈરાનના પુનર્નિર્માણની આડમાં આ ભંડોળ મેળવાઈ રહ્યું છે, પરંતુ તે વાસ્તવમાં રોકાણનું એક સ્વરૂપ છે. આ ખાનગી ભંડોળ છે, જેમાં કંપનીઓ રોકાણ કરશે. આનાથી સંકળાયેલા દેશોને ફાયદો થશે. ગલ્ફના દેશો પણ ઈરાન સાથે સંબંધો સામાન્ય કરવા માંગે છે. ઈરાન અત્યાર સુધી મધ્ય પૂર્વમાં એકલવાયો દેશ રહ્યો છે. હવે, ગલ્ફના દેશો ઈરાન સાથેના તેમના સંબંધોને એક નવા સ્તરે લઈ જવા માંગે છે, જેથી ઈરાન કોઈપણ તણાવમાં ગલ્ફના દેશોને નિશાન ન બનાવે. ગલ્ફના દેશો તરફથી આ દયાળુ વલણને અમેરિકાના દબાણ તરીકે પણ જોવામાં આવી રહ્યું છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે આ ચુકવણી એક મુખ્ય રાજકીય મુદ્દો છે, કારણ કે તેઓ ૨૦૧૬ માં ઓબામા વહીવટીતંત્ર દ્વારા ઈરાનને કરવામાં આવેલી ૧.૭ અબજ ડોલરની ચુકવણીની ટીકા કરતા રહ્યા છે. પોતાના રાજકીય વારસાને ધ્યાનમાં રાખીને ડોનાલ્ડ ટ્રમ્પ સતત એ બતાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે તેમનો ઈરાન સોદો ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાના કરાર કરતાં વધુ સારો છે. તેમણે ઈરાન પ્રત્યે કડક વલણ અપનાવ્યું છે તે સાબિત કરવા માટે પૈસા આપવાના મુદ્દાનો પણ ઉપયોગ કર્યો છે. આ કરારના લખાણ મુજબ અમેરિકા પ્રાદેશિક ભાગીદારો સાથે મળીને ઈરાનના પુનઃનિર્માણમાં મદદ કરવા માટે ઓછામાં ઓછા ૩૦૦ અબજ ડોલરની અંતિમ અને પરસ્પર સંમત યોજના વિકસાવવામાં મદદ કરશે. જો ડોનાલ્ડ ટ્રમ્પ ઓબામા દ્વારા આપવામાં આવેલા ૧.૭ અબજ ડોલરની નિંદા કરતા હોય તો તેઓ ઈરાનને ૩૦૦ અબજ ડોલર કેવી રીતે આપી શકે? તેવી મૂંઝવણમાંથી ડોનાલ્ડ ટ્રમ્પે અફલાતૂન રસ્તો શોધી કાઢ્યો છે.

એક વરિષ્ઠ અમેરિકી અધિકારીએ જણાવ્યું હતું કે આ કરાર અમેરિકાને ઈરાનને એક ડોલર પણ આપવા માટે બંધાયેલો નથી. પરંતુ કરારમાં વપરાયેલી વાસ્તવિક ભાષા તદ્દન અસ્પષ્ટ છે અને એવી શક્યતા ખુલ્લી મૂકે છે કે જો યુદ્ધનો વાટાઘાટો દ્વારા ઉકેલ મળે તો અમેરિકા ઈરાનને ભવિષ્યમાં કેટલીક ચુકવણી કરી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ માટે આ એક મોટી રાજકીય સમસ્યા બની શકે છે. બંનેએ ચૂંટણી પ્રચાર દરમિયાન વચન આપ્યું હતું કે તેઓ કોઈ નવા અનંત યુદ્ધો શરૂ કરશે નહીં. મેક અમેરિકા ગ્રેટ અગેઇનના સમર્થકો, જેમની નીતિ બીજા દેશમાં દખલગીરી નહીં કરવાની છે, તેઓ પણ આ ૩૦૦ અબજ ડોલર સામે વાંધો ઉઠાવી શકે છે.

ડોનાલ્ડ ટ્રમ્પની પોતાની રિપબ્લિકન પાર્ટીમાં પણ આ કરારની ટીકા ઝડપથી વધી રહી છે. ઘણા કોંગ્રેસ સભ્યો ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર પાસેથી આ કરાર અને તેની સાથે સંકળાયેલી અનિશ્ચિતતાઓ અંગે વિગતવાર માહિતીની માંગણી કરી રહ્યા છે. કેટલાક રિપબ્લિકન કાયદા નિર્માતાઓએ આ કરાર અંગે શંકા વ્યક્ત કરી છે, જેમાં એક અગ્રણી રિપબ્લિકન સેનેટરે ખુલ્લેઆમ તેની ટીકા કરી હતી અને કહ્યું હતું કે ટ્રમ્પે ઈરાનને ઘણી બધી છૂટછાટો આપી હતી અને બદલામાં તેમને પૂરતી છૂટ મળી ન હતી. લુઇસિયાનાના સેનેટર બિલ કેસિડી ટ્રમ્પ સમર્થિત પ્રતિસ્પર્ધી સામે પ્રાથમિક ચૂંટણી હારી ગયા હતા. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે ઈરાન તેની પરમાણુ મહત્ત્વાકાંક્ષાઓથી અસરકારક રીતે રોકાઈ શક્યું નથી. વધુમાં તેણે જાણ્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટને બંધ કરવાની કે ધમકી આપવાની વ્યૂહરચના કામ કરે છે અને તે ભવિષ્યમાં તેનો ફાયદો ઉઠાવવાનો પ્રયાસ કરશે. આ અમેરિકાની વિદેશ નીતિની સૌથી મોટી ભૂલ છે. આ દોઢ પાનાંના કરારમાં ઘણા અન્ય મહત્ત્વપૂર્ણ મુદ્દાઓને પણ ખૂબ ઓછી જગ્યા આપવામાં આવી છે. ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલો કરાર અમેરિકાની હાર તરીકે પણ જોવાઈ રહ્યો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

અમેરિકન સમાચાર એજન્સી એક્સિઓસના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે અમેરિકા અને ઈરાન વચ્ચેના ૩૦૦ અબજ ડોલરના સમાધાન માટે ગલ્ફના દેશો ચૂકવણી કરશે

અનુસંધાન... પાના પહેલાનું

લેબેનોન પર...

આ બેઠક શરૂઆતમાં હસ્તાક્ષર સમારોહ માટે યોજાવાની હતી

વેન્સ શરૂઆતમાં એક ઔપચારિક સમારોહમાં કરાર પર હસ્તાક્ષર કરવા સ્વિટ્ઝર્લેન્ડ જાય તેવી અપેક્ષા હતી. તેના બદલે, ટ્રમ્પે બુધવારે ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સાથે વર્સેલ્સના મહેલમાં એક ભવ્ય રાત્રિભોજન દરમિયાન આ દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા હતા. ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાને અલગથી આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરારમાં જણાવાયું છે કે, ઈરાનનો અત્યંત સંતૃપ્ત યુરેનિયમનો જથ્થો-જે ગયા વર્ષે તેહરાનના મુખ્ય પરમાણુ સ્થળોને નિશાન બનાવીને કરાયેલા યુએસ સૈન્ય હુમલાના કાટમાળ હેઠળ દટાયેલો હોવાનું મનાય છે-તેને આંતરરાષ્ટ્રીય દેખરેખ હેઠળ મંદ પાડવો પડશે. તેમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ઈરાન પરમાણુ શસ્ત્રો મેળવશે નહીં કે તેનો વિકાસ કરશે નહીં-આ એક એવી પ્રતિબદ્ધતા છે જે તેણે અગાઉ પણ આપી છે. પરંતુ અન્ય ઘણી પ્રતિબદ્ધતાઓ પર હજુ કામ કરવાનું બાકી છે.

ઇરાન માને છે કે તે મજબૂત સ્થિતિમાં છે

વોશિંગ્ટનમાં 'ડિફેન્સ પ્રાયોરિટીઝ' ના મિડલ ઈસ્ટ પ્રોગ્રામના ડાયરેક્ટર રોઝમેરી કેલેનિકે જણાવ્યું હતું કે, હોર્મુઝની સામુદ્રધુનીને અસરકારક રીતે બંધ કરીને વૈશ્વિક આર્થિક આંચકા આપ્યા બાદ ઈરાનીઓ આત્મવિશ્વાસ સાથે વાટાઘાટોમાં જશે. તેણીએ જણાવ્યું હતું કે અમેરિકા હવે અનિવાર્યપણે યુદ્ધ પહેલાની યથાસ્થિતિમાં પાછા આવવા માટે વાટાઘાટો કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

દક્ષિણ લેબેનોનમાં...

મૃત્યુઆંક ઝડપથી વધ્યો છે. લેબનોનની સરકારી નેશનલ ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો છે કે ઈઝરાયેલી હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૮ લોકો માર્યા ગયા છે, બાદમાં મળેલા અહેવાલ મુજબ ૨૧નાં મોત થયા છે. અને ઈઝરાયેલની સેનાએ જણાવ્યું હતું કે આ હુમલા હજુ પણ ચાલુ છે. આ દરમિયાન, ઈઝરાયેલે જણાવ્યું હતું કે દક્ષિણ લેબનોનમાં ચાલી રહેલી લડાઈમાં એક લેફ્ટનન્ટ કર્નલ સહિત તેના ચાર સૈનિકો માર્યા ગયા છે. તેમણે ઉમેર્યું હતું કે એક વિસ્ફોટક ડ્રોન હુમલામાં અન્ય પાંચ સૈનિકો ઘાયલ થયા છે. ઈઝરાયેલી સેનાએ શુક્રવારે લેબનોનની પૂર્વીય બેકા ઘાટીમાં પણ લક્ષ્યાંકો પર હુમલા કર્યા હતા. લેબનોનમાં સતત ચાલી રહેલી લડાઈ તાજેતરમાં જ હસ્તાક્ષર કરાયેલા આ કરારને નિષ્ફળ બનાવી શકે છે. આ કરારમાં લેબનોન સહિત તમામ મોરચે સૈન્ય કામગીરી તાત્કાલિક રોકવાની અને લેબનોનની "પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વ સુનિશ્ચિત કરવાની માંગ કરવામાં આવી છે.

કોલકાતા એરપોર્ટ...

સમયે ઇન્ડિગોની ફ્લાઇટ 6E-6068 (VT-IPW) એરોબ્રિજ 56L પર પાર્ક કરેલી હતી. સાવચેતીના પગલા તરીકે, એરલાઇન કંપનીએ વિમાનમાંથી તમામ મુસાફરોને નીચે ઉતારી લીધા હતા, જેઓ પાછળથી અન્ય વિમાન (VT-ICD) દ્વારા પોતાના ગંતવ્ય સ્થાન માટે રવાના થયા હતા. ઇન્ડિગો એરલાઇન્સના જણાવ્યા અનુસાર, ગ્રાઉન્ડ સ્ટાફના 2 કર્મચારીઓ આ વીજળીની અસરમાં સામાન્ય પ્રભાવિત થયા હતા, જેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જો કે, પાછળથી ડોક્ટરોએ તેમની સ્થિતિ સામાન્ય જાહેર કરી હતી. ઉલ્લેખનીય છે કે, કોલકાતા અને તેની આસપાસના જિલ્લાઓમાં શુક્રવાર સવારથી જ ગાજવીજ સાથે વરસાદ પડી રહ્યો છે, જેના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે અને વાહનવ્યવહારને ભારે અસર થઈ છે.

ઝારખંડમાં વીજળી...

વર્ષનાં કિશુન મહતો અને 41 વર્ષનાં શાંતિ દેવી તરીકે થઈ છે. પલામુના પદવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બકરીઓ ચરાવવા ખેતર તરફ જઈ રહેલા 30 વર્ષનાં લક્ષ્મી દેવીનું વીજળી પડવાથી મોત થયું હતું, જ્યારે અન્ય એક વ્યક્તિ દાઝી ગઈ હતી. રામગઢના ગોલા બ્લોકમાં પણ આવી જ એક ઘટનામાં, ખેતરમાં બકરીઓ ચરાવતી વખતે વીજળી પડતાં 15 વર્ષની કિશોરીનું મોત નીપજ્યું હતું. લોહરદગા જિલ્લાના બેહતાત ગામમાં સરકારી શાળા પાસેના ઝાડ પરથી કેરીઓ તોડતી વખતે વીજળી પડતાં 13 વર્ષની બાળકીનું મોત થયું હતું અને અન્ય એક બાળકી દાઝી ગઈ હતી. ગોડ્ડા જિલ્લાના મછખાર ગામમાં 30 વર્ષના બબલુ પંડિત નામના વ્યક્તિ જ્યારે ખેતરેથી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે વીજળી પડતાં તેમનું મોત થયું હતું. પશ્ચિમ સિંહભૂમ જિલ્લાના માલુકા ગામમાં પણ એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં પોતાના ઘરના આંગણામાં રમી રહેલા 2 વર્ષનાં બાળકનું વીજળી પડવાથી ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે તેની માતા ગંભીર રીતે દાઝી જતાં સારવાર હેઠળ છે.

ઇરાનને અમેરિકા...

અત્યારે વધુ મજબૂત સ્થિતિમાં હોઈ શકે છે. "છતાં ડેમોક્રેટ્સ કહે છે કે ચાર મહિના પહેલા કરતાં ઈરાન અત્યારે વધુ સારી સ્થિતિમાં છે. શું તમે આવી વાત કહીને બચી જવાની કલ્પના કરી શકો છો??? કેટલાક લોકો કેટલા મૂર્ખ હોઈ શકે???" ટ્રમ્પે કહ્યું. ટ્રમ્પે વધુમાં દાવો કર્યો હતો કે સંઘર્ષ પછી વોશિંગ્ટને નહીં, પરંતુ તેહરાને વાટાઘાટોની માંગ કરી હતી. રાજદ્વારી પ્રયાસો ચાલુ હોવા છતાં કડક વલણનો સંકેત આપતા તેમણે લખ્યું, "અમે નિરાશામાં નહોતા મળ્યા, ઈરાન મળ્યું હતું. તેઓ ખતમ થઈ ગયા છે!" પ્રમુખે ઉમેર્યું હતું કે યુનાઇટેડ સ્ટેટ્સ તેની વર્તમાન સમયમર્યાદા ચાલુ રાખશે અને તેહરાનને કોઈ નાણાકીય રાહત આપશે નહીં. આ ટિપ્પણીઓ ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈ દ્વારા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર સીધું નિશાન સાધ્યાના એક દિવસ પછી આવી છે, જેમાં તેમણે દાવો કર્યો હતો કે અમેરિકન નેતા કરાર માટે ઉત્સુક હતા અને તેને સુરક્ષિત કરવા માટે "તમામ પ્રકારના દબાણ" નો ઉપયોગ કર્યો હતો.

ઇરાને હોર્મુઝનો...

પાડી છે, જેમાં જહાજોને તેની સમક્ષ નોંધણી કરાવવા માટે કહેવામાં આવ્યું છે, ભલે હાલમાં આ પરિવહન મફત છે - જે સંકેત આપે છે કે તેહરાન સંભવતઃ નજીકના ભવિષ્યમાં ટેક્સ લેવાનું શરૂ કરવાનો ઇરાદો ધરાવે છે. આ નોટિસ ઇસ્લામિક રિપબ્લિકની એક નવી એજન્સી 'પર્શિયન ગલ્ફ સ્ટ્રેટ ઓથોરિટી' તરફથી આવી છે.

પ. બંગાળમાં...

નીચાણવાળા વિસ્તારોમાં ઘરો અને શાળાઓમાં પાણી ભરાઈ ગયા છે, જેના કારણે આગામી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની તૈયારીઓ પણ પ્રભાવિત થઈ છે. અધિકારીઓએ જણાવ્યું કે, રવિવારના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવાનો હોવાથી અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી રેડ રોડ પરના એક કાર્યક્રમમાં હાજરી આપવાના હોવાથી, કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન (કેએમસી) કંટ્રોલ રૂમમાંથી તમામ ગતિવિધિઓ પર નજર રાખી રહ્યું છે અને હાઈ એલર્ટ પર છે. પાણી ભરાવવાના બનાવના કારણે શાળાઓમાં રજા જાહેર કરાઈ છે. હવામાન વિભાગે આગામી 48 કલાક માટે જલપાઈગુડી અને અલીપુરદ્વારમાં રેડ એલર્ટ, જ્યારે દાર્જીલિંગ અને કોલકાતા સહિતના અન્ય જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. સવારે 8.30થી 11.30 વાગ્યાની વચ્ચે અલીપોરમાં 43.6 મીમી, દમદમમાં 58 મીમી અને સોલ્ટ લેકમાં 80 મીમી વરસાદ નોંધાયો છે. પશ્ચિમ બંગાળના પહાડી વિસ્તારોમાં મહાનદી પાસે ભૂસ્ખલનને કારણે નેશનલ હાઈવે અને સિલીગુડી-કુર્સિયાંગ રોડ બંધ થઈ ગયા છે. દાર્જીલિંગના પહાડી વિસ્તારોમાં અનેક જગ્યાએ ભૂસ્ખલન થતાં સિલીગુડી અને પહાડી વિસ્તારો વચ્ચેનો સંપર્ક તૂટી ગયો છે. આ દરમિયાન, ભારે વરસાદને કારણે બલાસન નદી પર આવેલો એક કામચલાઉ હ્યુમ પાઈપ બ્રિજ તૂટી પડ્યો છે, જેના લીધે સિલીગુડી અને મીરીક સબડિવિઝન વચ્ચેનો વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે. ઓક્ટોબર 2025માં દૂધિયા આયર્ન બ્રિજ તૂટી ગયા બાદ વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આ કામચલાઉ પુલ બનાવવામાં આવ્યો હતો. હાલમાં વાહનોને પંખાબારી અને કુર્સિયાંગ થઈને ડાયવર્ટ કરવામાં આવ્યા છે.

હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ વચ્ચે પહાડ ધસી પડતાં પાવર પ્રોજેક્ટને નુકસાન

ચોમાસું છેલ્લા 11 દિવસથી તેલંગાણામાં અટકેલું છે, પરંતુ દેશના ઘણા ભાગોમાં તેજ પવન અને વરસાદ ચાલુ થયો છે. મહારાષ્ટ્ર અને બિહારના ઘણા વિસ્તારોમાં શુક્રવારે ભારે વરસાદ થયો હતો. ચોમાસું હજી મુંબઈ પહોંચ્યું નથી, તેમ છતાં ત્યાં ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે 8 મહિના પહેલાં જ ઉદ્ઘાટન કરાયેલા નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટની છત પરથી પાણી ટપકવા લાગ્યું હતું. બિહારના પટનામાં તેજ પવન સાથે વરસાદ થઈ રહ્યો છે. હવામાન વિભાગે બિહારના 18 જિલ્લાઓમાં 60 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવા સાથે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે અને આગામી 48થી 72 કલાકમાં ત્યાં ચોમાસું સક્રિય થવાની સંભાવના છે. ચોમાસું હાલ પશ્ચિમ-દક્ષિણ મહારાષ્ટ્રમાં પહોંચી ગયું છે.

કોકટેલ 2: શાહિદ-કૃતિનો શાનદાર અભિનય અને અણધારી વાર્તા

મૂવી રિવ્યુ
અમર સોલંકી દ્વારા

ફિલ્મ	કોકટેલ-2
રેટીંગ	★★☆☆☆
એક લાઇનનો પ્રતિભાવ	લવ ટ્રાયન્ગલ અને લાઇટ રોમાન્ટીક ફિલ્મો ગમતી હોય તો આ ફિલ્મ અપેક્ષાઓ કરતાં વધુ સારી સાબિત થાય છે

જો તમે અદભુત અભિનય, શાનદાર સંગીત, આકર્ષક વિઝ્યુઅલ્સ અને દમદાર લેખન જોવા માગો છો, તો 'કોકટેલ 2' તમામ મોરચે અપેક્ષાઓ કરતાં વધુ સારી સાબિત થાય છે. આ એક લવ ટ્રાયન્ગલ (ત્રિકોણીયો પ્રેમ) હોવા છતાં, તે પરંપરાગત ઢાંચાને અનુસરતી નથી કે કોઈ જૂનો-જાણીતો રસ્તો અપનાવતી નથી. તેની અણધારી વાર્તા (અનપ્રેડિક્ટેબિલિટી) જ આ ફિલ્મની સૌથી મોટી તાકાત છે. ડાયરેક્ટર હોમી અડજાનિયા, જેમણે 2012ની મૂળ 'કોકટેલ' નું નિર્દેશન પણ કર્યું હતું, તેમણે એ સુનિશ્ચિત કર્યું છે કે આ સિક્વલ અગાઉની ફિલ્મ કે અન્ય કોઈ લવ સ્ટોરી જેવી ન લાગે. આ ફિલ્મ ભાવનાત્મક મુખ્ય તત્વને જાળવી રાખીને આધુનિક રોમાન્સની ભાવનાને સુંદર રીતે રજૂ કરે છે. લવ રંજન અને તરુણ જૈનનું લેખન ફિલ્મનું એક મજબૂત પાસું છે. ઇટાલીના સિસિલીમાં શૂટ થયેલો ફિલ્મનો પ્રથમ હાફ જોરદાર વિઝ્યુઅલ અપીલ આપે છે, જેમાં રંગો, ગીતો, કલાકારોની કેમિસ્ટ્રી અને અણધાર્યા વળાંકો તેને ટેકનિકલ અને ભાવનાત્મક રીતે સમૃદ્ધ બનાવે છે. બીજા હાફમાં ડ્રામા વધુ તીવ્ર બને છે અને પ્રી-ક્લાઈમેક્સના થોડા નબળા ભાગને બાદ કરતાં, ફિલ્મ એક સંતોષકારક અંત તરફ દોરી જાય છે. પ્રિતમનું મ્યુઝિક ફિલ્મનો મુખ્ય સ્તંભ છે, જેમાં 'માશૂકા' સહિત 3 સુપરહિટ ગીતો છે. અભિનયની વાત કરીએ તો, શાહિદ કપૂર ટોપ ફોર્મમાં છે, જે ગંભીર અને હળવી બંને ક્ષણોમાં પ્રભાવશાળી રહ્યો છે. કૃતિ સેનને તેના કરિયરનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું છે અને તે ફિલ્મની સ્ટાર પરફોર્મર તરીકે ઉભરી આવી છે. રશ્મિકા મંધાનાએ પણ પોતાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો છે, પરંતુ તેણે તેના હિન્દી ઉચ્ચાર પર હજી થોડું કામ કરવાની જરૂર છે.

અભિનેતાઃ શાહિદ કપૂર, કૃતિ સેનન, રશ્મિકા મંધાના, ટીકુ તલસાનિયા **નિર્માતાઃ** દિનેશ વિજન, લવ રંજન **નિર્દેશકઃ** હોમી અડજાનિયા

TORRENT POWER

વીજપ્રવાહ બંધ રહેવા બાબત

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૨૨/૦૬/૨૦૨૬, સોમવાર : મધુરમ (ભટાર), આશીર્વાદ સ્ક્વેર (વીન્નહર), મેઘમલ્હાર (ભટાર)
- ૨૩/૦૬/૨૦૨૬, મંગળવાર: દીપ (નીશીથા - આશિષ), સુદર્શન ટેક્ષટાઈલ્સ પ્રા.લી., અક્ષર પાર્ક એપાર્ટમેન્ટ (ભટાર રોડ)
- ૨૪/૦૬/૨૦૨૬, બુધવાર : સ્કાય હેવન (નાની વેડ), રવીશંકર શંકુલ (ભટાર)
- ૨૫/૦૬/૨૦૨૬, ગુરુવાર : પોદાર એવન્યુ (ઘોડ દોડ), બજરંગ સોસાયટી (એલએચ રોડ)
- ૨૬/૦૬/૨૦૨૬, શુક્રવાર : જોલી કોમ્પલેક્ષ (ઘોડ દોડ), ઈશ્વરકૃપા (એલએચ રોડ)

અસુવિધા બદલ દિલગીર છીએ

Door step services are available for senior & Differently Abled citizens
Request to call on 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912
or mail to connect.srt@torrentpower.com
WhatsApp 8141970070

RAJHANS ગોપીતળાવ નવસારી બજાર, સુરત

સુપરહીટ, લવસ્ટોરી કોકટેલ-2 ૧૦.૦૦, ૧.૦૦, ૨.૧૫, ૪.૦૦, ૫.૦૦, ૭.૦૦, ૭.૪૫, રાત્રે : ૧૦.૦૦, ૧૦.૩૦
જીંદગી વન્સ મોર (ગુજરાતી) ૧.૦૦, ૬.૩૦
Toy Story-5 (હિન્દી) ૧૨.૦૦
હોન્ટેડ (હિન્દી) ૩.૪૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA ★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
ફ્રી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.

રોમેન્ટિક લવસ્ટોરી કોકટેલ - 2 ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧૨.૩૦, ૨.૩૦, ૩.૦૦, ૩.૩૦, ૫.૨૦, ૬.૦૦, ૬.૩૦, ૭.૦૦, રાત્રે : ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦

ફેમિલી ગુજરાતી જીંદગી વન્સ મોર સિદ્ધાર્થ રાંદેરિયા ૯.૦૦, ૧૨.૦૦, ૨.૦૦, ૩.૫૦, ૫.૩૦, ૭.૦૦, રાત્રે : ૯.૩૫, ૧૦.૦૦
ગુજરાતી ફેમિલી બધુ ઓલરાઈટ છે ૯.૦૦, ૧૨.૫૦, ૨.૩૫, રાત્રે : ૮.૦૫
હૈ જવાની તો ઈશ્ક હોના હૈ ૯.૧૦, ૧૨.૦૦, ૨.૧૦, રાત્રે : ૧૦.૩૫
Toy Story - 5 (હિન્દી) ૯.૩૦, ૩.૦૦, ૫.૦૦
ભારત ભાગ્ય વિધાતા રાત્રે : ૮.૧૦
ગવર્નર ૧૧.૫૦, ૪.૪૦, રાત્રે: ૮.૧૦
પેદ્દી ૧૧.૩૦, ૪.૪૦, ૬.૩૦
કૃષ્ણાવતારામ-1 (હિન્દી) : સવારે ૯.૧૦

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
રોમાંન્ચક લવસ્ટોરી.. મ્યુઝીકલ કોકટેલ ભાગ-2

શાહીદ કપૂર, રશ્મિકા મંદાના, કૃતિ સેનન
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે : ૯.૩૦
વિક્રમભટ્ટનું હોરર સસ્પેન્સ હોન્ટેડ

૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ-બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.